# રાજકોટ મહાનગરપાલિકા

આવાસ યોજના વિભાગ, ડો. આંબેડકર ભવન, બીજો માળ, રૂમ નં. ૨,
ઢેબરભાઇ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧ ફોન નં. ૦૨૮૧ – ૨૨૨૧૬૧૫

-: અખબારી યાદી:-

# તા. ૦૧/૦૪/૨૦૨૨ થી તા. ૩૦/૦૪/૨૦૨૨ સુધીમાં આવાસના હપ્તા પેટે રૂ.૧૧,૪૯,૬૧,૫૯૪/-ની આવક

તારીખ: ૦૫-૦૫-૨૦૨૨

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અલગ અલગ યોજનાઓ અંતર્ગત આજ દિન સુધીમાં ૩૧,૦૦૦ થી વધારે આવાસ બનાવીને લાભાર્થીઓને ફાળવવામાં આવેલ છે. જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્માર્ટ ઘર, મુખ્યમંત્રી આવાસ યોજના, BSUP – 1,2,3, રાજીવ આવાસ યોજના, ગુરુજીનગર, ધરમનગર, ૩૦૧૨, હુડકો, વામ્બે અને સફાઈ કામદાર આવાસ યોજનાઓનો સમાવેશ થાય છે. આવાસ યોજના વિભાગ દ્વારા તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૦/૦૪/૨૦૨૨ સુધીમાં રૂ.૧૧,૪૯,૬૧,૫૯૪/- ( અગિયાર કરોડ ઓગણપચાસ લાખ એકસઠ હજાર પાંચસો ચોરાણું પુરા)ની આવક આવાસના હપ્તા પેટે કરવામાં આવેલ.

હાલમાં વિવિધ યોજનાઓના એલોટમેન્ટ લેટર વિતરણ શરુ છે જે અન્વયે જે લાભાર્થીઓ દ્વારા એલોટમેન્ટ લેટર લેવામાં આવેલ નથી કે આવાસ પેટેના હપ્તા ભરપાઈ કરેલ નથી તેઓને તાત્કાલિક આવાસ યોજના વિભાગ, રાજકોટ મહાનગરપાલિકા, ઢેબર રોડ, રાજકોટનો સંપર્ક કરી પોતાના આવાસનું એલોટમેન્ટ મેળવી લેવા અને હપ્તા ભરવાની અપીલ કરવામાં આવે છે.

આસી. મેનેજર
આવાસ યોજના વિભાગ
રાજકોટ મહાનગરપાલિકા